# અંબાજીમાં ભાદરવી પુનમનો 'મીની મહાકુંભ' મેળો સુખરુપ સંપન્ન

ડીસા, તા. ૧

વિશ્વમાં પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવા સુદ-૯ થી ૧૫ સુધીનો સાત દિવસીય 'મીની મહાકુંભ' આસ્થા, ભક્તિ અને શક્તિની છોળો વચ્ચે સુખરૂપ સંપન્ન થયો હતો. ભાદરવી પુનમના મહાત્મ્યને લઈને મા અંબાનો દરબારમાઈભકતોથી છલોછલ જોવા અનેક સંઘો છેક પોતાના ગામથી ગરબા લેતા લેતા આવી પહોંચ્યા હતા. જ્યારે કેટલાંક

શ્રદ્ધાળુએ સળંગ રસ્તે માતાજીના દંડવત પ્રણામ કરતા કરતા આવ્યા હતા. આ સૌની વચ્ચે માતાજીના નામનો જયઘોસ સતત વહેતો રહેતો હતો. જે સમગ્ર વાતાવરણને જોશથી ભરી દેતો હતો.અંબાજીમાં અત્યાર



(કાંતિલાલ લોધા, ડીસા)

મળ્યો હતો. મેળા દરમ્યાન લાખો માઈભકતોએ માના ચરણોમાં માથુ ટેકવી ધન્યતા અનુભવી હતી. મેળા દરમ્યાન એકાદ અપવાદને બાદ કરતા કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટતા વહીવટી તંત્રે હાશકારો અનુભવ્યો હતો. ભાદરવી મહામેળાના ગઈકાલે પુનમના અંતિમ દિવસેવહેલી સવારથી જ હજારો માઈભકતો માના દર્શને ઉમટી પડયા હતા. તેથી દર્શન માટે લાંબી લાંબી લાઈનો લાગી ગઈ હતી. દૂર દુરથી આવેલા માઈ ભકતોએ જગદ જનની મા અંબાના દર્શનનો લ્હાવો લઈ મા અંબાને નવલી નવરાત્રિમાં પધારવાના રૂડા આમંત્રણ પાઠવી ભાવવિભોર માહોલમાં વતન તરફ જવા રવાના થયા હતા. અંબાજી વિસ્તારમાં ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો.પ્

ગઈકાલ મોડી રાત સુધી અંબાજી મંદિરમાં દર્શન ખૂલ્લા રહ્યાં હતા. આ વખતે પણ ભારે જનમેદની હતી. જ્યારે રાતે અંબાજી હાઈવે ઉપર દર્શનાર્થીઓનો ધસારો ચાલુ રહ્યો હતો.આ વેગવાન પ્રવાહમાં છેક મધ્યપ્રદેશ, કોલકત્તા, મુંબઈ અને રાજસ્થાન સહિત દૂર દૂરથી સંઘો શ્રદ્ધાપૂર્વક અંબાજી પહોંચ્યા હતા. સુધીમાં ૨૮ લાખથી વધુ લોકોએ 'માં અંબા'ના દર્શનનો લાભ લીધો હતો. જેમાં ૧૧૨૦થી વધુ સંઘોએ ધજા ચઢાવી હતી. આ ઉપરાંત મંદિર દ્વારા ૮૫ હજાર કિલોથી વધુ પ્રસાદનું વિતરણ કરાયું હતું. જ્યારે અંદાજે ચાર કરોડના

શ્રીફળનું વિતરણ થયું છે. આ વર્ષે પણ દૂર દૂરથી આવેલાં એકલ દોકલ દર્શનાર્થીઓ પણ ધજા પતાકા લઈને આવ્યા હતા. મંદિરમાં સવારે ધજા ચઢાવવાની વિધી થઈ એ સાથે જ દર્શનાર્થીઓએ પોતપોતાની ધજાઓ મંદિરને ભેટ કરી હતી. આ વખતે પણ ૧૦ હજારથી વધુ જોડાઓ ગુમ થયાના અહેવાલ મળ્યા છે. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી સતત પડી રહેલા વરસાદને કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. તેમ છતાં આજે ભાદરવી પુનમને છેલ્લે દિવસે અંબાજી મંદિર ખાતે આજરોજ સાંજ સુધી પુનમીયા દર્શનાર્થીઓનો ભારે ઘસારો રહ્યો હતો.જ્યારે ખેડબ્રહ્મા ખાતે આવેલા નાના અંબાજી ખાતે પણ આજરોજ દર્શનાર્થીઓની ખાસી ભીડ રહી હતી. બંને સ્થળે શાંતિપૂર્ણ રીતે પૂનમનો મહામેળો સંપન્ન થયો હતો.

# નમસ્કાર મંડળીના પૂર્વ વાઈસ ચેરમેન અને પરિવાર ભાગેડુ જાહેર, કોર્ટે વૉરંટ કાઢ્યું

## સાડા ત્રણ માસથી લપાતા છુપાતા ફરી રહ્યા છે, તલોદ પોલીસ ધરપકડ કરવામાં અસફળ રહી

તલોદ, તા. ૧

તલોદથી નમસ્કાર મંડળીના પૂર્વ વાઈસ ચેરમેન તથા તેમના પરિવાર વિરૂધ્ધ થયેલી ફરિયાદોમાં છેવટે કોર્ટે ધરપકડ વૉરંટ ઈસ્યુ કર્યુ છે. નીચલી અદાલતથી હાઈકોર્ટ સુધી આગોતરા જામીન ના મંજૂર થયેલ છે. છતાં પણ પોલીસમાં હાજર ન થતાં સમય મર્યાદાનાં અંતે કોર્ટ દ્વારા આ પગલું ભરાયું છે. જો કે, તલોદ પોલીસે આ આરોપીઓની ધરપકડ કરવામાં કસર રાખી હોવાનું સમગ્ર શહેરમાં ચર્ચાઈ રહ્યું છે.

નમસ્કાર મંડળીમાંથી વાહનો ઉપર ધિરાણ મેળવી સમયસર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલાં મંડળીના જ પૂર્વ વાઈસ ચેરમેન તથા પરિવારની વ્યક્તિઓ વિરૂધ્ધ થયેલી ફરિયાદોમાં ખોટા દસ્તાવેજ ઉભા કરવા તેમજ મંડળી સાથે છેતરપીંડી કરી હોવાનું પ્રથમ તબક્કે જ જણાઈ આવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ કાર્યવાહી દરમિયાન મુખ્ય આરોપી મહેશભાઈ મહેતા તથા તેમના સગાંઓએ નીચલી કોર્ટથી માંડીને હાઈકોર્ટ સુધી આગોતરા જામીનના પ્રયાસો કરેલ હતા. પરંતુ કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજીઓ ફગાવી દીધી છે. છેલ્લા સાડા ત્રણ માસથી પોલીસથી લપાતા છુપાતા ફરતાં આ આરોપીઓ અંગે પોલીસે કોર્ટનું ધ્યાન દોરતાં કોર્ટે ધરપકડ વૉરંટ ઈસ્યુ કરી ભાગેડું જાહેર કરેલ છે.

કોર્ટે મહેશભાઈ મહેતા, શૈલેષ મહેતા, ગુણવંત મહેતા, કમલેશ મહેતા, પન્નાબેન મહેતા, ડિમ્પલબેન મહેતા, પ્રતિક મહેતા વગેરેને ભાગેડું જાહેર કર્યાં છે. અને પોલીસને ધરપકડ વૉરંટ ઈસ્યુ કરી ઝડલી લેવા તાકીદ કરી છે.

તલોદના કેટલાક લોકો એ મહેશભાઈ મહેતાને પ્રાંતિજ, હિંમતનગર અને તલોદમાં નજરે નિહાળ્યા હોવાનું જણાવી પોલીસ કેમ અસરકારક પગલાં લેતી નથી તે બાબતે શંકા વ્યક્ત કરી રહ્યાં છે. જો કે, આ અંગે તલોદ પોલીસનું પણ ધ્યાન દોરી મહેસભાઈ મહેતા નજીકમાં છુપાયા હોવાનું જણાવેલ હતું. છતાં પણ પોલીસ દ્વારા ધરપકડ અંગેના કોઈ જ પ્રયાસો થયેલ ન હોવાનું બહાર આવેલ છે. આમ પોલીસની પ્રથમ શ્રેષ્ઠ કામગીરી ધરપકડ બાબતે વગોવાઈ થઈ હોવાનું જણાઈ આવે છે.

# ખેડબ્રહ્માના નાના અંબાજીમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧

ભાદરવી પૂનમે ખેડવાળીમાં અંબા પ્રત્યે અસિમ શ્રદ્ધા ધરાવતા નાના-મોટા સૌ માઈભકતો ભક્તિભાવથી મેળો માણવા તથા મા ભગવતીના દર્શન કરવા આવી પહોંચ્યા હતા. પૂનમ નિમિત્તે ખેડબ્રહ્મામાં શ્રદ્ધા અને શક્તિનો



સંગમ થયો હતો. ખેડબ્રહ્મા ખાતે આવેલમાં અંબાના ચાચર ચોકમાં રવિવારે વહેલી સવારના જ ભક્તો મા ના દર્શન કરવા ઉભા થઈ ગયા હતા.

આ વર્ષે નાના અંબાજીમાં દર્શન કરવા આવતા પદયાત્રીઓમાં વધારો જોવા મળ્યો હતો. ખેડબ્રહ્માની આસપાસના વિસ્તારોના બાળકો યુવાનો તથા આધેડ ઉંમરના લોકો મોટી સંખ્યામાં નજરે પડ્યા હતા. મા ના ચાચર ચોકમાં તથા અંબાજીના મંદિર તરફ જતા તમામ રસ્તાઓ ઉપર હૈયેથી હૈયુ દબાય તેટલી ભીડ જોવા મળી હતી.





માં અંબેના ચરણોમાં અમદાવાદના માઈભક્ત યાત્રીકે એક કિલો દાનમાં સોનુ ધર્યુ હતુ. તસ્વીરમાં વહીવટદાર આર.બી.ચૌધરી માઈ ભક્ત યાત્રીક નવીનભાઈ શાહ પાસેથી દાન પેટે એક કીલો સોનું સ્વીકારતા દેખાય છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ડીસા આર.ટી.ઓ. ચેક પોસ્ટ નજીક ઓવરબ્રીજ પર બાઈક સ્લીપ ખાતા યુવકનું કરૂણ મોત

ડીસા, તા. ૧

ડીસા આખોલ ચાર રસ્તા પાસે આવેલ ઓવરબ્રીજ ભીલડી તરફ જતા વળાંક લેતા હોઈ અને આ વળાંક દર્શાવતા હોડીંગ્સ અને સુચના બોર્ડો નામ માત્રના અને વાહન ચાલકોને ન દેખાય તે રીતે નેશનલ હાઈવે ઓથોરીટીએ લગાવેલા હોઈ આ ઓવર બ્રીજ અનેક મુસાફરો માટે અકસ્માત ઝોન બનેલ છે. જેમાં ગઈકાલે સાંજે એક મોટર સાયકલ સવારે આ ઓવરબ્રીજ પર અકસ્માતે મોટર સાયકલ પર થી પટકાતા તેનું કરૂણ મોત થયુ હતુ. આ મામલે ડીસા તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસા ભોપાનગર ખાતે રહેતા કમલેશભાઈ દાવાજી માજીરાણા (ઉ.વ.૧૬), તથા હીતેશ અશોકભાઈ ઠાકોર બંને ગત રવિવારે જીજે.૨ એ.એચ.૧૪૬૪નંબરના બાઈક પર કામકાજ અર્થે વડાવલ ગામે ગયા હતા અને તે બાદ આ બંન્ને પોતાનું કામ પતાવી ડીસા તરફ આવી રહ્યા હતા ત્યારે અચાનક આર.ટી.ઓ ઓવર બ્રીજ પરના વળાંકમાં મોટર સાયકલ સ્લીપ થઈ જતાં આ બંન્ને મોટર સાયકલ સવારો મોટર સાયકલ પરથી રોડ પર ધડાકાભેર પટકાયા હતા. જેમાં બંનેને ગંભીર ઈજાઓ થતાં આસપાસના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તે બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા બંન્ને ઘાયલ યુવકોને ડીસા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કમલેશની તબીયત ખૂબ નાજૂક જણાતાં પાલનપુર સિવીલમાં ખસેડવાની તજવીજ હાથ ધરતા ડીસા થી પાલનપુર જતાં રસ્તામાં જ તેને દમ તોડ્યો હતો.

# આજે ૨જી ઓકટોબરે પાલનપુરમાં જિલ્લાના વિવેકાનંદ યુવક મંડળોને રમતગમતનાં સાધનો અર્પણ કરાશે

પાલનપુર, તા.૧

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી સમિતિના જિલ્લા ઈન્ચાર્જ ગણપતભાઈ જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યા મુજબ તા. ૨જી ઓકટોબરે રાજયના રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના જિલ્લા તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્ય વિવેકાનંદ યુવક મંડળોને રમતમતના સાધનો (કિટસ) રાજયના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ રાજયમંત્રી પરબતભાઈ પટેલના વરદ હસ્તે એનાયત કરવામાં આવશે.

પાલનપુરના કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવનમાં ૨જી ઓકટોબરે સવારે ૧૧ કલાકે યોજાનાર કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે પાલનપુરના ધારાસભ્યશ્રી ગોવિંભાઈ પ્રજાપતિ તેમજ દાંતાના ધારાસભ્યશ્રી વંસતભાઈ ભટોળ ઉપસ્થિત રહેશે. સ્વામી વિવેકાનંદ યુવા શકિત કેન્દ્ર બનાસકાંઠાના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ તેમજ મંત્રીશ્રી ગૌરાંગ પાધ્યાએ જિલ્લાના તમામ વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખ-મંત્રીશ્રીઓને આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# દાંતીવાડા પાસે બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

## દાંતીવાડા ત્રણ રસ્તાથી કોલોની તરફ જવાના માર્ગ પર બનેલી દુર્ઘટના



દાંતીવાડા, તા.૧

દાંતીવાડા ત્રણ રસ્તાથી કોલોની તરફ જતા માર્ગ પર બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર યુવાનનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ બાપલા-પાલનપુર બસ નં. જી.જે.૧૮.વાય-૯૮૧ પાલનપુર તરફ જઈ રહી હતી ત્યારે દાંતીવાડા ત્રણ રસ્તાથી કોલોની તરફ જવાના માર્ગે સામેની બાજુએથી આવતી હોન્ડા ટવીસ્ટર બાઈક નં. જી.જે.૮.એ.બી.-૩૬૬૯ જોડે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક સવાર પોપટજી લાખાજી મળડીયા રહે. નાદોત્રા, (ઠાકોરવાસ)નું ઘટના સ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઘટનાની જાણ આજુબાજુના રહીશોને થતા લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. બનાવની જાણ પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ચારનાં મોત : બે ડુબ્યા એકનું અકસ્માતમાં : એકનું લપસી પડતાં

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં શનિવારની સાંજે ઉમેદગઢ પાસે તળાવમાં બે જણા ડૂબી જતા મોત નીપજેલ હતા. અને મણીયોર ગામે કુવામાં લપસી જતા એકનું મોત નીપજેલ હતું. આ અંગે ઈડર અને જાદર પોલીસમથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી જ્યારે મેઘરજ તાલુકાના કંટાળુ ગામ નજીક મારૂતિ અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત નીપજ્યું હતું. આ અંગે ઈસરી પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ ઈડર તાલુકાના ઉમેદગઢ પાસે આવેલા દેહીપરાની તલાવડીમાં શનિવારના રોજ સાંજના સુમારે ઉમેદગઢમાં રહેતા રાજુભાઈ બાબરભાઈ રાઠોડનો પુત્ર ભોલાભાઈ રાઠોડ (ઉં.વ.૧૧) અને રાજુભાઈના બેનનો દીકરો જયદીપકુમાર લાલજીભાઈ રાઠોડ (ઉં.વ. ૧૩) નાહવા માટે ગયા હતા. દરમિયાન તેઓ અચાનક ઊંડા પાણીમાં ડૂબીગયા હતા. જેથી પાણી પીવાથી બંનેના મોત નીપજ્યા હતા. બીજી તરફ ભોલાભાઈ અને જદયીપ શનિવારના રોજ શનિવારની મોડી સાંજે ઘરે ન આવતા રાજુભાઈ રાઠોડે બંનેની શોધખોળ આદરી હતી. પ્રથમ ખેડબ્રહ્મા મેળો ચાલતો હોવાથી તે દિશામાં કેટલાક લોકોને સાથે લઈ તપાસ કરી હતી. પરંતુ કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન રવિવાના રોજ સવારે બુધેલી ગામથી કેટલાક વિદ્યાર્થીઓ ઉમેદગઢ આવતા હતા ત્યારે રસ્તામાં દેહીપરાની તલાવડી બે લાશ તરતી હોવાની દેખાતા ગામમાં આ અંગેની વાત કરી હતી. ત્યારબાદ ગામના તરવૈયાઓએ તલાવડીમાં પડી બંને મૃતદેહોને બહાર કાઢી હતી. જે અંગે રાજુભાઈ રાઠોડે બંને મૃતદેહો ઓળખી બતાવી હતી. આ અંગે જાદર પોલીસમથકે જાણ કરાતા પોલીસ સ્થળ પર આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે જાદર પોલીસમથકે જાણ કરાતા પોલીસ સ્થળ પર આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી જ્યારે બીજો બનાવ શનિવારના રોજ ઈડર તાલુકાના મણીયોર ગામે ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા પ્રતાપજી બાદરજી ઠાકરડા (ઉં.વ.૩૫) ખેતરમાં બળદને પાણી પીવડાવવા ગયા હતા. દરમિયાન કુવાની કુંડી નજીક ઉભા હતા ત્યારે અચાનક પગ લપસી પડતાં તેઓ કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી મોત નીપજ્યું હતું. આ અંગે ઈડર પોલીસને જાણ કરાતા પોલીસ સ્થળ પર આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અને ત્રીજો બનાવ મેઘરજ તાલુકાના કંટાળુ ગામ નજીક શનિવારના રોજ વિનોદભાઈ અમરભાઈ બરંડાનું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે ઈસરી પોલીસ મથકે જીગ્નેશભાઈ ધુરજીભાઈ બરંડાએ ફરિયાદ નોંધાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮